# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ :- suratdeo@gmail.com web :- www.suratdeo.org


જા.ન./પગાર ડેટા/એપ્રિલ-૨૦૨૬/4944 તા.૩૦/૦૩/૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત જીલ્લાની ગ્રાન્ટેડ પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક/પ્રાયોગિક શાળા/
સંસ્કૃત પાઠશાળાઓ/IDESS વિશિષ્ટ શિક્ષક શાળાઓ

વિષય :- માહે એપ્રિલ-૨૦૨૬ પેઈડ ઈન મે-૨૦૨૬ માટે પગાર ડેટા વિગતો રજૂ કરવા બાબત.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે અત્રેની કચેરીનાં નિયંત્રણ હેઠળની ગ્રાન્ટેડ પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક/પ્રાયોગિક શાળા/સંસ્કૃત પાઠશાળાઓ/IDESS વિશિષ્ટ શિક્ષક શાળાઓના કર્મચારીઓના માહે:- એપ્રિલ - ૨૦૨૬ પેઈડ ઈન મે - ૨૦૨૬ નાં પગાર ડેટા નીચે મુજબ સમય/તારીખ અને સ્થળે સ્વીકારવામાં આવશે તે મુજબ સમયમર્યાદામાં પગારનાં ડેટા બિનચૂક રજૂ કરવા આથી જણાવવામાં આવે છે.

| ક્રમ | તારીખ | શાળા નંબર | સ્થળ | સમય |
|---|---|---|---|---|
| ૧ | ૦૬/૦૪/૨૦૨૬ | ૩ થી ૧૧૨ તથા ૨૪૯,૨૫૦,૨૫૧,૨૫૪,૨૫૬, ૨૫૮, ૩૦૧ | ટી એન્ડ ટી વી સાર્વજનિક હાઈસ્કૂલ,નાનપુરા,સુરત | સવારે ૧૦-૦૦ થી ૦૩-૦૦ સુધી |
| ૨ | ૦૭/૦૪/૨૦૨૬ | ૧૧૩ થી ૨૨૯ તથા ૨૫૨,૨૫૭,૨૬૧,૨૭૩ | જે.એમ.પટેલ હાઈસ્કૂલ, બારડોલી, સુરત | સવારે ૧૦-૦૦ થી ૦૩-૦૦ સુધી |

(૧) જે કર્મચારીઓનાં માહે માર્ચ -૨૦૨૬ના માસના પગારમાં જી.પી.એફ. કપાતની રકમ ડેટા પત્રકમાં શરત ચૂકથી ઓછી કપાત દર્શાવેલ હોવાના કારણે કપાત ઓછી કરવામાં આવેલ છે. તેવા કર્મચારીઓના ડેટા પત્રક-૩મા રેગ્યુલર જી.પી. એફ. કપાતની રકમ તથા ગત માસમાં એટલે કે,માહે: માર્ચ – ૨૦૨૬ નાં માસમાં રેગ્યુલર જી.પી.એફ. કપાત કરતા જે ઓછી રકમ જી.પી.એફ. કપાત થયેલ તે તફાવતની રકમ ડેટા પત્રક-૧૨માં દર્શાવી રજુ કરવાના રહેશે. જે કર્મચારીઓના માર્ચ - ૨૦૨૬મા નવા જી. પી. એફ. નંબર ફાળવેલ હોય અને તેઓની માર્ચ-૨૦૨૬ના પગારબીલમાં જી.પી.એફ. કપાત થયેલ હોય પરંતુ તેઓની કપાત ઓછી કરવામાં આવેલ હોય તેઓ કપાત વધુ કરવા માંગતા હોય તો તેવા કર્મચારીઓના ડેટા પત્રક - ૩માં રેગ્યુલર જી.પી.એફ. કપાતની રકમ તથા ગત માસમાં રેગ્યુલર જી.પી.એફ. કપાત કરતા જે ઓછી રકમ જી.પી.એફ. કપાત થયેલ તે તફાવતની રકમ ડેટા પત્રક-૧૨માં દર્શાવી રજુ કરવાના રહેશે.

Scanned with OKEN Scanner

(૨) જે કર્મચારીઓનાં માહે માર્ચ - ૨૦૨૬ના માસના પગારમાં ઈન્કમટેક્ષ કપાતની રકમ ડેટા પત્રકમાં શરત ચૂકથી ઓછી કપાત, દર્શાવેલ હોવાના કારણે કપાત ઓછી થયેલ છે. તેવા કર્મચારીઓના ડેટા પત્રક-૩મા રેગ્યુલર ઈન્કમટેક્ષ કપાતની રકમ તથા ગત માસમાં એટલે કે,માહે: <u>માર્ચ-૨૦૨૬નાં માસમાં રેગ્યુલર કપાત કરતા જે ઓછી રકમ ઈન્કમટેક્ષ કપાત થયેલ તે ઈન્કમટેક્ષ તફાવતની રકમ ડેટા પત્રક-૧૨માં</u> દર્શાવી રજુ કરવાના રહેશે.

(૩) જે શાળાનાં એન. પી. એસ. નાં કર્મચારીઓના સી.પી.એફ. નંબરમાં ભૂલ હોવાના કારણે અત્રેની કચેરીને સી.પી.એફ. કપાત કરવામાં મુશ્કેલીઓ પડે છે. તથા <u>અત્રેની કચેરીએથી ધ્વની સંદેશથી જે શાળાને જાણ કરેલ છે તે તથા અન્ય શાળાઓએ તમારા પગારબીલમાં એન.પી.એસ.નું પગાર સ્ટેટમેન્ટ કાઢી અને કર્મચારી પાસેથી ફાળવેલ નંબર તપાસી તે નંબરમાં ભુલ હોય તો ડેટા પત્રક-૧માં સુધારી રજુ કરવાનું રહેશે.</u>

(૪) ***<u>નિવૃત થતા કર્મચારીઓની જી.પી.એફ. /C.P.F. કપાત તેમના જન્મના માસથી ત્રણ માસ અગાઉ કપાત ફરજિયાત બંધ કરવાની રહેશે. જો સમયમર્યાદામાં G.P.F. / C.P.F. કપાત બંધ કરવામાં આવશે નહિ તો વ્યાજ સંબંધિત કોઈપણ પ્રશ્ન ઉપસ્થિત થશે તેની સંપૂર્ણ જવાબદારી આચાર્યશ્રીની રહેશે. જેની ખાસ નોંધ લેશો.</u>***

(૫) શાળાનાં આચાર્યશ્રીઓને ખાસ જણાવવાનું કે, આપની શાળામાં હાલ ફરજ બજાવતા <u>મહિલા/બહેનો કર્મચારીઓના</u> કિસ્સામાં બેંક ખાતામાં અટક /પિતા/પતિના નામમાં ફેરફાર થયેલ હોય તે માટે માહે માર્ચ-૨૦૨૬ના પગારબીલના બેંક સ્ટેટમેન્ટ તથા તેઓની બેંક પાસબુકમાં <u>મહિલા/બહેનો કર્મચારીઓના</u> નામોની ચકાસણી કરવાની રહેશે. અને ચકાસણી કરતા <u>મહિલા/બહેનો કર્મચારીઓના</u> <u>અટક/પિતા/પતિના નામમાં ફેરફાર માલુમ પડે તો, અત્રેની કચેરીએથી અટક/પિતા/પતિના નામમાં ફેરફાર કરેલ હોય તો તે કચેરી આદેશની નકલ તેમજ બેંક પાસબુકની નકલ/ચેક જોડી ડેટા પત્રક-૧ એપ્રિલ-૨૦૨૬ માસમાં આપી સુધારો કરવાનો રહેશે.</u>

(૬) જે શાળાના માહે માર્ચ-૨૦૨૬ માસનાં બેંક સ્ટેટમેન્ટ તથા બેંક પાસબુકમાં <u>મહિલા/બહેનો કર્મચારીઓના અટક/પિતા/પતિના નામમાં ફેરફાર ન હોય તો તેવા કિસ્સામાં આચાર્યશ્રીએ નીચે મુજબનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.</u> સદર <u>પ્રમાણપત્ર આપ્યા બાદ અત્રેની કચેરી દ્વારા આપની શાળાનું નિરીક્ષણ/ઓડિટ કર્યેથી સદર પ્રમાણપત્ર આપ્યાની તારીખ સુધીમાં કોઈ મહિલા/બહેનો કર્મચારીઓના અટક/ પિતા/પતિના નામમાં ફેરફાર જાણવા મળશે તો શાળાના આચાર્યશ્રી પાસેથી લેખિતમાં ખુલાશો માંગવામાં આવશે.</u> જેથી કરીને <u>બેંક સ્ટેટમેન્ટ ચકાસણી કર્યાબાદ જ પ્રમાણપત્ર આપવાનું રહેશે.</u> જેની ગંભીરપણે નોંધ લેશો.

Scanned with OKEN Scanner

## મહિલા/બહેનો કર્મચારીઓના અટક/પિતા/પતિના નામમાં ફેરફાર નથી તે મતલબનું

## પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, અત્રેની શાળા ____(શાળાનુંનામ દર્શાવવું)____ માં ____(અત્રે કુલ મહિલા/બહેનો કર્મચારીઓની સંખ્યા દર્શાવવી)____ મહિલા/બહેનો ફરજ બજાવે છે. તેઓના બેંક પાસબુક તથા માર્ચ-૨૦૨૬ના પગાર બિલનું બેંક સ્ટેટમેન્ટ ચકાસણી કરવામાં આવેલ છે. જે બરાબર છે. જે બદલ આ લખાણ આપવામાં આવે છે.

સ્થળ:-

તારીખ:- /૪/૨૦૨૬

આચાર્યશ્રીના સહિ અને સિક્કા

(૭) પગાર ડેટા શાળાનાં પગાર સબંધિત કામગીરી સંભાળતા કર્મચારી દ્વારા જ રજૂ કરવાનાં રહેશે અથવા શાળાનાં આચાર્યશ્રી દ્વારા રજૂ કરવાનાં રહેશે. સબંધિત કામગીરી કરતા કર્મચારી/આચાર્યશ્રી શાળામાં ન હોય તો પગાર ડેટા રજૂ કરવા માટે મોકલવામાં આવતાં કર્મચારીને સદર કામગીરી માટે ઓથોરીટી લેટર આપી મોકલવાનાં રહેશે. પગાર સબંધિત કામગીરી ન સંભાળતા કર્મચારી દ્વારા ડેટા રજૂ કરવામાં આવશે તો ડેટા સ્વીકારવામાં આવશે નહિ. જેની શાળાનાં આચાર્યશ્રીએ નોંધ લેવી.

(૮) શાળા દ્વારા રજૂ કરવામાં આવતાં પગાર ડેટાનાં દરેક પત્રકો પર શાળા કોમ્પ્યુટર કોડનાં સિક્કા અવશ્ય કરવા.

(૯) શાળા દ્વારા રજૂ કરવામાં આવતાં પગાર ડેટાનાં પત્રકોમાં એમ્પ્લોય નંબર, બજેટ કોડ, ડેટા ટાઈપ, કંપની કોડ વગેરે ચોકસાઈપૂર્વક અને ક્ષતિરહિત ભરવાનાં રહેશે. તેમજ એક કરતા વધુ કર્મચારી હોય તો ચઢતા ક્રમમાં કર્મચારીની વિગતો આપવાની રહેશે. જેની નોંધ લેશો.

(૧૦) માહે માર્ચ - ૨૦૨૬નું ઓનલાઈન બીલની પ્રિન્ટ કાઢી તેનો સંપૂર્ણ અભ્યાસ કરી પગાર ડેટા રજુ કરવાનાં રહેશે. ડેટા રજુ કર્યા બાદ તેમાં સુધારા વધારા થઇ શકશે નહિ. સમયમર્યાદા બાદ ડેટા સ્વીકારવામાં આવશે નહિ તેની નોંધ લેશો.

નોંધ :-કર્મચારીનો એમ્પલોય નંબર લખ્યા બાદ ચકાસણી કરી ડેટા રજૂ કરવાના રહેશે અન્યથા ડેટા બાબતે જે પણ પ્રશ્ન ઉપસ્થિત થશે તેની જવાબદારી આચાર્યશ્રીની રહેશે.

હિસાબી અધિકારી<br>
જીલ્લા શિક્ષણાધિકારી કચેરી,<br>
સુરત,જિલ્લો-સુરત

નકલ રવાના : જાણ તથા કેમ્પ અન્વયે જરૂરી વ્યવસ્થા કરવા સારુ.

૧. આચાર્યશ્રી, ટી એન્ડ ટી વી સાર્વજનિક હાઈસ્કૂલ,નાનપુરા,સુરત<br>
૨. આચાર્યશ્રી, જે.એમ.પટેલ હાઈસ્કૂલ, બારડોલી, સુરત

Scanned with OKEN Scanner